**૮૦ વર્ષથી નીચેની ઉંમર ધરાવતાં પેન્શનરો / કુટુંબ પેન્શનરોને વધારાનુ પેન્શન મેળવવા તિજોરી રેકર્ડમાં જન્મ તારીખની નોંધણી કરવા બાબત.**

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**
ગુજરાત રાજ્ય, **'વીમા અને લેખા ભવન'**,
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**ક્રમાંક : હિતિનિ/ટીસી/ફા.૧૩૪/** ૭૪૩૫-૬૭
તારીખ : ૧૮-૧૧-૨૦૧૧

**:: <u>પરિપત્ર નંબર : ૭ / ૨૦૧૧</u>**

- નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીજીઆર/૧૦૦૯/પે સેલ/(એમ) તા.૧૩/૪/૦૯ થી ૮૦ વર્ષથી ઉમર ઉપરના પેન્શનરોને ઉમર આધારિત મૂળ પેન્શનના ૨૦% અને તેથી વધુ વધારાનું પેન્શન આપવાની જોગવાઈ થયેલ છે.
- નાણા વિભાગના તા.૨૭/૭/૦૯ ના ઠરાવ ક્રમાંકઃ પીજીઆર/૧૦૦૯/૪ પી થી જન્મ તારીખના આધાર પુરાવા માટે કુલ ૮ રેકર્ડ / દસ્તાવેજની યાદી બહાર પાડેલ છે.
- હાલમાં પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી / સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી તરફથી ઈસ્યુ થતાં પીપીઓમાં પેન્શનર/ કુટુંબ પેન્શનરની જન્મ તારીખ દર્શાવવામાં આવે છે.
- ૮૦ વર્ષથી નીચેની ઉમરના / પેન્શનર / કુટુંબ પેન્શનર જન્મ તારીખના પુરાવા તિજોરી કચેરીમાં રજૂ કરે ત્યારે તે સ્વીકારીને પીપીઓ અને અન્ય સંબંધિત રેકર્ડ પર નોંધ કરવા પેન્શનરોની તેમજ પેન્શન મંડળોની રજૂઆત મળેલ છે.
- ભવિષ્યમાં પ્રસંગ ઉપસ્થિત થયે વધારાનું પેન્શન મેળવવા પેન્શનરો / કુટુંબ પેન્શનરોને હાલાકી ન થાય તે હેતુથી તિજોરી કચેરી ખાતેથી પેન્શન મેળવતા પેન્શનર / કુટુંબ પેન્શનર નિયમોનુસારના ઉમર / જન્મ તારીખના પુરાવા તિજોરી કચેરીમાં રજૂ કરે ત્યારે તે સ્વીકારીને પીપીઓ અને અન્ય સંબંધિત રેકર્ડ પર નોંધ કરી પેન્શનરને તે મતલબની પહોંચ આપવા આથી જણાવવામાં આવે છે.

**નિયામક**

પ્રતિ,
૧. શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી,જિલ્લા તિજોરી કચેરી, ........................
૨. તિજોરી અધિકારીશ્રી, પેન્શન ચૂકવણા કચેરી, અમદાવાદ